ફેશન
મેઘા રાજ્યગુરુ
feedback.ladki@
bombaysamachar.com







# આવી ગરબે ઘૂમવાની રૂડી રાતલડી

**નવરાત્રિના** દિવસો ઢૂંકડા આવી રહ્યા છે. નવ દિવસ સુધી નવા ફેશનેબલ વસ્ત્રો પહેરવાનું મન સ્વાભાવિક છે કે દરેકને થાય. અનેક વખત એવું થાય કે છેલ્લી ઘડીયે શું પહેરવું તેની ગડમથલ ચાલતી રહેતી હોય છે. ચાલો ત્યારે નવરાત્રિને રંગબેરંગી બનાવીને મનભરીને ઝૂમવા માટે ફેશનેબલ વસ્ત્રોની એક ઝલક પણ મેળવી લો.

## ચણિયા-ચોળી

બજારમાં વિવિધ પ્રકારના ભરતકામવાળા ચણિયા-ચોણી આસાનીથી મળી રહે છે. જેમાં કચ્છી ભરત, કોડી ભરત, આભલા કે સ્ટોનની ફેશન પણ આ વર્ષે પૂરબહારમાં ખીલેલી જોવા મળે છે. ચોલીની અવેજીમાં આજકાલ બેકલેસ ચોલીને પહેરવાનું યુવતીઓ પસંદ કરતી હોય છે. ચણિયા-ચોળી સાથે ઓક્સિડાઈસ કરેલા ઘરેણાં તમારા લૂકને વધુ આકર્ષક બનાવે છે. હાથમાં રબારીઓ પહેરે તેવા કડાં પણ પહેરવામાં આવે છે. ચૂડા પહેરવાની પણ ફેશન જોવા મળે છે.

## લેંઘા ચોલી

નવરાત્રિમાં લેંઘા-ચોલી પહેરીને તમારા લૂકને પારંપરિક-પાશ્ચાત્ય બંને એક સાથે બનાવી શકો છો. ઘેરવાળા ચણિયાને બદલે ઘેરવાળો લેંઘો પહેરવાનું પસંદ કરવામાં આવે છે. ક્યારેક સંપૂર્ણ દેશી અવતાર આજની આધુનિક યુવતીઓને પસંદ પડતો નથી. ક્યારેક સમયને અભાવે તે સંપૂર્ણ પારંપરિક શણગાર સજીને ગરબા રમવા જઈ શકતી નથી. આવા સમયે લેંઘા-ચોલી શ્રેષ્ઠ વિકલ્પ ગણાય છે.

## લૉંગ સ્કર્ટ

નવરાત્રિમાં લૉંગ સ્કર્ટ પણ પહેલી પસંદ ગણાય છે. જયપુરી બંધેજ સ્કર્ટ, ડિજિટલ પ્રિન્ટ સ્કર્ટ, ગોટા પ્રિન્ટ સ્કર્ટ, કે ટસર સિલ્ક સ્કર્ટનો પણ ઉપયોગ કરી શકાય છે. ક્રૉપ ટોપ કે સ્લીવલૅસ ટોપ સાથે તેને પહેરી શકાય છે. આ પહેરવેશ સાથે ચાંદીના ઓક્સિડાઈસ કરેલા ઘરેણાં પણ તમારા લૂકને આકર્ષક બનાવી શકે છે.

## જયપુરી બંધેજ દુપટ્ટા

સામાન્ય રીતે ચણિયા-ચોળી પહેરીને ગરબે ઘૂમવું યુવતીઓ પસંદ કરતી હોય છે. આજના ઝડપી યુગમાં સમયના અભાવે ક્યારેક મોડું થયું હોય તો જીન્સ સાથે ભરતકામ કરેલું ટૂંકું ટોપ અને બાંધણીનો દુપટ્ટો પહેરવામાં આવે તો પણ તમારો ઝટપટ લૂક આસાનીથી બની જાય છે. ગરબા રમવામાં પણ સરળતા પડે છે. ગરમીમાં વધુ પડતો ભાર પણ રહેતો નથી. આ પ્રકારના દુપટ્ટામાં ખાસ આભલા વર્ક કે બોર્ડરને મોતી અને કોડીવર્કથી તૈયાર કરવામાં આવે છે. આ પ્રકારના દુપટ્ટા સાથે ચિકનકારી કુર્તા પણ પહેરી શકાય છે.

## કોટી જેકૅટ

બજારમાં વિવિધ ભરતકામ વાળા રંગબેરંગી જેકૅટ કે કોટી પણ સરળતાથી મળી રહે છે. સમય ઓછો હોય ત્યારે તેને પહેરીને પણ નવરાત્રિમાં ગરબે ઘૂમી શકાય છે. તેની ખાસિયત એટલે ભારતીય કે પાશ્ચાત્ય વસ્ત્રો સાથે મિક્સ મેચ સરળતાથી કરી શકાય છે.

## સાડી

નવરાત્રિમાં માની આરાધનામાં સાડી પણ પહેરી શકાય છે આપ ગુજરાતી, મહારાષ્ટ્રિયન કે બંગાળી સ્ટાઈલની સાડી પહેરીને પણ ગરબે ઘૂમવાની મોજ માણી શકો છે. સાડી પહેરી હોય ત્યારે મોતી કે હીરાના ઘરેણાં વધુ આકર્ષક લાગે છે.

પગમાં મોટા પાયલ હાથમાં કડા, કાનમાં મોટા ઝૂમખા પહેરી શકાય છે. હાથમાં છત્રી રાખીને ગરબે ઘૂમવાનો નવો ટ્રેન્ડ પણ બે-ત્રણ વર્ષથી જોવા મળે છે. તમારી પસંદ અને ખરીદી કરવાની શક્તિ હોય તે પ્રમાણે બજાર ખાસ નવરાત્રિમાં પહેરી શકાય તેવા રંગબેરંગી વસ્ત્રોથી સજાવેલું જોવા મળે છે. તમારી પસંદ પ્રમાણે ખરીદી કરીને ગરબે ઘૂમવાની મનભરીને મોજ માણી શકાય છે.■





લાઈમ લાઈટ
કલ્પના મહેતા
feedback.ladki@
bombaysamachar.com

# હવે ક્રિકેટમાં મહિલા કૉમેન્ટેટરની બોલબાલા

**પુરુષ ક્રિકેટરોની જેમ મહિલા ક્રિકેટરોમાં પણ નિવૃત્ત થયા પછી કોમેન્ટેટર બનવાનું ચલણ વધતું જાય છે. આમ પુરુષોના આ ક્ષેત્રમાં પણ પોતાની આવડત અને લાક્ષણિકતાના જોરે મહિલાઓએ પગપેસારો કરી દીધો છે**

**ક્રિકેટની** દુનિયામાં આજકાલ આમુલ પરિવર્તન આવી ગયું છે. તેણે સંપૂર્ણપણે ૩૬૦ ડિગ્રી ટર્ન લઇ લીધો છે. નવા નવા કાનૂન અને નવા નવા મગજને ચકરાવે ચઢાવે તેવા નિયમોએ ખેલને, ખેલાડીઓને અને દર્શકોને એક નવીનતા પિરસી છે. ક્રિકેટ કરતાં ક્રિકેટની ફોર્મેટ વધારે મહત્ત્વની અને રસાકસીવાળી બનતી ચાલી છે અને ભારત જેવા ક્રિકેટ ઘેલા દેશમાં તો ૨૦-૨૦, વન ડે કે ટેસ્ટ મેચ જેવી કોઇ પણ ફોર્મેટનો ક્રેઝ વધતો જ જાય છે, પણ જ્યારે આ ગેમમાં કોઇ હોટ મહિલા એન્કર કે કોમેન્ટેટર હોય, તો એ ગેમ નહીં જોવા માગતા કે ક્રિકેટમાં રસ રુચિ નહીં ધરાવતા લોકો પણ ક્રિકેટ જોવાની લાલસા રોકી શકતા નથી.

છેલ્લાં કેટલાંક વર્ષોથી મહિલા કોમેન્ટેટરો સમગ્ર વિશ્વમાં હાઇ પ્રોફાઇલ ટુર્નામેન્ટનો ભાગ બનતી જાય છે. એવા પણ પ્રસંગો છે, જ્યારે કોઇ મહિલા ક્રિકેટ ખેલાડી નિવૃતિની જાહેરાત કરે અને પછી તે કોમેન્ટેટર બની ગઇ હોય. તેઓએ મહિલા ક્રિકેટને ઘણું પ્રોત્સાહન આપ્યું છે. પુરુષપ્રધાન આ ફિલ્ડમાં મહિલાઓ પોતાના દમ પર, પોતાની આવડત અને લાક્ષણિકતાના જોરે આગળ વધી રહી છે અને પોતાની માટે વ્યવસાયની અલગ અને અનોખી કેડી સફળતાપૂર્વક કંડારી રહી છે. ટીવી ચેનલવાળા પણ પોતાની ચેનલની ટીઆરપી વધે તે માટે ફાંકડી દેખાતી અને ભલભલાને ભૂ પાઇ દે એવી અદામાં અંગ્રેજીમાં બોલતી મહિલા કોમેન્ટેટરને પ્રાધાન્ય આપતી હોય છે. ધીમે ધીમે આ ફિલ્ડમાં ઘણી મહિલાઓ આગળ આવી રહી છે અને ભવિષ્યમાં પણ આવો જ સિલસિલો જારી રહેશે, એવી આગાહી કરવામાં આવી રહી છે.

મહિલાઓએ ટેલિવિઝનમાં લાઇવ મેચના હોસ્ટ તરીકે કામ કર્યું છે. મેચના હોસ્ટની વાત આવે તો આપણી દેશી મંદિરા બેદીને કેમ ભુલાય. પુરુષપ્રધાન આ ફિલ્ડમાં સૌથી પહેલાં એણે જ પોતાનો પગ મૂક્યો હતો. ક્રિકેટની રમતનો માંડ ક્કો બારાખડી જાણતી મંદિરાએ આત્મવિશ્વાસપૂર્વક ક્રિકેટનું એન્કરિંગ કરીને પોતાની આગવી અદા અને કામણથી આ ફિલ્ડ મહિલાઓ માટે ખોલી નાખ્યું. ઇન્ડિયન પ્રિમિયર લિગ (આઇપીએલ)ના આયોજકોને તો આ રમતના આરંભથી જ મહિલા કોમેન્ટેટરનું મહત્ત્વ સમજાઇ ગયું હતું. ૨૦૧૫ના આઇપીએલમાં એક નહીં, બે નહીં પણ ચાર ચાર મહિલાઓને કોમેન્ટરી પેનલમાં લીધી હતી જેમાં મેલની જોન્સ, ગુહા, સ્થલેકર અને ચોપરાનો સમાવેશ થતો હતો. આજે તો આ ફિલ્ડમાં ઘણી મહિલા કોમેન્ટેટર અને એન્કર આવી ગઇ છે. મયંતી લેંગાર, શિબાની દાંડેકર, કરિશ્મા કોટક, અર્ચના વિજયા, શોનાલી નાગરાની, શાર્લોટ એડવર્ડ્ઝ, મેલની જોન્સ, એલિસન મિશેલ, લિઝા સ્થલેકર, અંજુમ ચોપરા.... આપણે આવી જ કેટલીક મહિલા કોમેન્ટેટર અને એન્કરનો પરિચય મેળવીએ.



## મેલની જોન્સ

ક્રિકેટર તરીકે ઝાઝું કાહું ના કાઢી શકેલી મેલની જોન્સ તેને અનાયાસે જ મળેલી તકથી કોમેન્ટરીની બાજી મારી ગઇ. ૬૧ વન ડે ઇન્ટરનેશનલમાં તે ફક્ત ૨૧.૪૧ની સરેરાશથી જ રન કરી શકી હતી. જૂન ૨૦૦૧માં ઓસ્ટ્રેલિયન વુમન ક્રિકેટ ટીમ ઇંગ્લેન્ડના પ્રવાસે ગઇ હતી તે સમયે મેલનીને ટીમમાંથી પડતી મૂકવામાં આવી. તે સમયે ટેલિકાસ્ટ કરવામાં આવેલી એક મેચની કોમેન્ટરી આપવા માટે તેને તક આપવામાં આવી. મેલનીને ક્રિકેટ રમવું હતું એની કોમેન્ટરી નહોતી કરવી પણ એક જ મેચની વાત હોવાથી તેણે હા પાડી અને આમ તેને કોમેન્ટેટર તરીકે તક મળી. ૨૦૦૭માં વુમન ટી-૨૦ વર્લ્ડ કપથી તેની કોમેન્ટેટર તરીકેની કારકિર્દીની શરૂઆત થઇ અને ત્યાર બાદ તેણે પાછું વળીને જોયું નથી. ભૂતપૂર્વ રાઇટ હેન્ડેડ ખેલાડી મેલની જોન્સે બીગ બેશ લિગ અને પાકિસ્તાન સુપર લિગમાં કોમેન્ટેટરની ભૂમિકા નિભાવી છે. હાલમાં ક્રિકેટના વુમન વર્લ્ડ કપમાં મેલની જોન્સ સૌથી અનુભવી કોમેન્ટેટર હતી. ભારતની ઇન્ડિયન પ્રિમિયર લિગમાં પણ તેણે કોમેન્ટરી આપી હતી.



## અંજુમ ચોપરા

તેના રમતના દિવસોમાં અંજુમ ચોપરાને ભારતીય બેટિંગ લાઇન અપમાં દિગ્ગજ માનવામાં આવતી હતી. અને વિશ્વ ક્રિકેટમાં તેનું નામ ભારે આદરથી લેવામાં આવે છે. ૨૦૧૨માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ આ ડાબોડી બેટ્સવુમને ક્રિકેટના તેના પ્રેમને કારણે કોમેન્ટેટરની ભૂમિકામાં આગળ વધવાનું વિચાર્યું. પદ્મશ્રી એવૉર્ડ વિજેતા અંજુમ ચોપરાએ ૨૦૧૫માં આઇપીએલની આઠમી સિઝનમાં કોમેન્ટરી બોક્સમાં આવી કોમેન્ટરીની કારકિર્દીના શ્રીગણેશ કર્યા હતા. ઇંગ્લેન્ડમાં થયેલી આઇસીસી મહિલા વિશ્વ કપની કોમેન્ટરી માટે પણ તેની વરણી થઇ હતી. મહિલા ક્રિકેટના ભવિષ્ય માટે મહિલા કોમેન્ટેટર ઘણું યોગદાન આપી શકે છે, એમ તેનું માનવું છે.

## લિઝા સ્થલેકર



ભારતમાં જન્મેલી લિઝા ઓસ્ટ્રેલિયન વુમન ટીમની અનિવાર્ય ઘટક હતી. બેટિંગ અને બોલિંગ બંને ક્ષેત્રે તેનો દેખાવ ઉત્કૃષ્ટ હતો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કર્યા પછી આ ઓસ્ટ્રેલિયન ઓલ રાઉન્ડરે પોતાની નજર મીડિયા એટલે કે કોમેન્ટરી તરફ ફેરવી. ન્યુ સાઉથ વેલ્સની ટીમ સાથેની પોતાની નોકરી છોડ્યા બાદ લિઝા એબીસી ગ્રાન્ડ બેન્ડ માટે કામ કરવા પ્રેરાઇ જ્યાંથી તેણે કોમેન્ટેટર તરીકેની કારકિર્દી શરૂ કરી. ૨૦૧૫માં તેને આઇપીએલની કોમેન્ટરી ટીમનો ભાગ બનવા બોલાવવામાં આવી હતી અને ઇંગ્લેન્ડમાં વિમેન્સ વર્લ્ડ કપમાં પણ કોમેન્ટરી પેનલમાં તે હતી.

## શાર્લોટ એડવર્ડ્ઝ



શાર્લોટ એડવર્ડ્ઝ બિન વિવાદિતપણે મહિલા ક્રિકેટ જગતની મહાન અને આક્રમક ખેલાડી હતી. આ ઇંગ્લિશ મહિલા ક્રિકેટરે ૧૯૧ મેચમાં ૫૯૯૨ રન નોંધાવ્યા છે અને પોતાની સીમાચિહ્નરૂપ કારકિર્દીમાં વન ડે ઇન્ટરનેશનલમાં ૯ સદી નોંધાવી છે. ૧૯૯૬માં જ્યારે તેણે પ્રથમ વાર ન્યુઝીલેન્ડ સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટની રમતમાં પગ મૂક્યો ત્યારે તે સૌથી નાની વયની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમનારી ખેલાડી હતી. ઇંગ્લેન્ડની ક્રિકેટ ટીમની કૅપ્ટન બનીને તેણે પોતાની યશકલગીમાં એક છોગું ઓર ઉમેર્યું હતું. પોતાની ક્રિકેટની કારકિર્દી બાદ તેણે કોમેન્ટેટરની કારકિર્દી અપનાવી લીધી હતી.



## એલિસન મિશેલ

એલિસન મિશેલ નિઃશંકપણે કોમેન્ટરી બોક્સની સૌથી અનુભવી કોમેન્ટેટર છે. મહિલા વિશ્વ કપમાં તે કોમેન્ટરી આપી ચૂકી છે. ૨૦૦૨માં બીબીસી એશિયાઇ નેટવર્ક સાથે જોડાયા બાદ તેણે પાછું વળીને જોયું નથી. બીબીસી સ્પેશિયલ્સ માટે તેણે વર્લ્ડ કપની અને અન્ય ઘણી રમતમાં કોમેન્ટરી આપી છે અને ઘણા શો પણ હોસ્ટ કર્યા છે. બૉબ વુલ્મરનું ઓચિંતા અને અકાળે અવસાન થયું તે પહેલાં તેમનો ઇન્ટરવ્યુ લઇ તેમની સાથે વાત કરનારી તે એકમાત્ર પત્રકાર હતી. ૨૦૦૮ના મુંબઇના આતંકવાદી હુમલા સમયે ઇંગ્લેન્ડના ભારત પ્રવાસ માટે તે કોમેન્ટરી માટે પ્રસારિત ટીમનો ભાગ હતી. ક્રિકેટ ઉપરાંત કોમનવેલ્થ ગેમ્સ, ફ્રેન્ચ ઓપન અને ઓસ્ટ્રેલિયન ઓપન જેવી લોકપ્રિય ટેનિસ ટુર્નામેન્ટની પણ કોમેન્ટરી તેણે આપી છે.

પોતાની આગવી સ્ટાઇલથી કોમેન્ટરી કરીને, યોગ્ય શબ્દનો વપરાશ કરીને કોમેન્ટરીનું આગવું આકર્ષણ ઊભું કરનારી આ મહિલા કોમેન્ટેટરો તેમના પ્રયાસ માટે અભિનંદનને પાત્ર છે. ■